**ફોજદારી કેસ નં.૧૦૬૪/૨૦૧૬**

//**આંક: ૧ લગત હુકમ//**

આ કેસનું રેકર્ડ વંચાણે લીધું. સદરહું કેસ દાખલ થયા બાદ કોર્ટ દ્વારા આરોપીને સમન્સ કાઢવામાં આવેલ પરંતુ આરોપીને સમન્સ બજેલો નહી અને આરોપી બીજી કોઇ જગ્યાએ રહેવા ચાલ્યા ગયેલા છે અને આરોપીને કોઇ ઓળખી બતાવતાં નથી કે જણાવેલ સરનામે રહેતા નથી. તેવા શેરા સાથે સમન્સ પરત કરવામાં આવેલ અને વગર બજે પરત મોકલેલ છે. વધુમાં આરોપી સામે જે ગુનાનો આરોપ છે તે પેટી ઓફેન્સ છે અને સમન્સ ટ્રાયએબલ ગુનો છે. વધુમાં આરોપી સામે વખતો વખત પ્રોસેસ કાઢવામાં આવેલા, પરંતુ આરોપીને સમન્સ કોઈપણ કારણોસર બજવણી થતી નથી અને આરોપીના અધુરા સરનામાને કારણે સમન્સ વગર બજયે પરત આવેલ છે. જેથી આરોપી સામેની કાર્યવાહી વધુ સમય ચાલુ રાખવી વાજબી જણાતી નથી જેથી ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ–૨૫૮ વંચાણે લેતાં હાલના કેસમાં આરોપીને સમન્સ બજતો ન હોય આરોપી સામેની કાર્યવાહી સ્થગિત કરવી વાજબી જણાતી હોય ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–: હુ ક મ :–**

આ કામના આરોપી સામેની કાર્યવાહી ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૫૮ અન્વયે સ્થગિત કરવામાં આવે છે અને કેસ ફેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે. વધુમાં જો આરોપી નજીકના ભવિષ્યમાં મળી આવે તો ફરિયાદપક્ષ કેસ રી–ઓપન કરાવી શકશે.

હુકમ આજરોજ તા. ૧૧ મી, માહે–ડિસેમ્બર, સને ૨૦૨૧ ના રોજ મેજીસ્ટ્રેટની ખાસ સીટીંગમાં જાહેર કર્યો.

**તા. ૧૧–૧૨–૨૦૨૧**
સ્થળ: અમદાવાદ.

**(વિમલ પ્રદિપભાઈ આચાર્ય)**
પાંચમાં જયુડી. મેજી. ફ. ક.
અમદાવાદ (ગ્રામ્ય ) મીરઝાપુર
UIC No.GJ -01445